ઈશરત પ્રકરણમાં ઉદાસીનતાના મામલે સીબીઆઈ તપાસ

નવીદિલ્હી,તા.૧૮

માત્ર ગુજરાતના રાજકારણમાં જ નહીં બલ્કે દેશના રાજકારણમાં ખળભળાટ મચાવનાર ઈશરત જહાં બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈએ ભૂતપૂર્વ પ્રધાનો સામે તપાસ હાથ ધરી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપર વિરોધીઓને પ્રહાર કરવા માટે વધુ એક હથિયાર મળી ગયું છે. ચકચારી કેસમાં સીબીઆઈએ તપાસમાં ઉદાસીનતા અને આને અસર કરવાના આરોપોમાં પ્રારંભિક તપાસ માટે કેસ દાખલ કરી દીધો છે. આ મામલામાં આરોપી પોલીસ અધિકારી જીએલ સિંઘલે સીબીઆઈને એક સીડી સોંપી છે જેમાં ગુજરાત ભાજપના કેટલાક ટોચના નેતા અને પોલીસ અધિકારીઓ તપાસને અસર કરવાના મુદ્દે ચર્ચા કરી રહ્યા છે. આ સીડી નવેમ્બર ૨૦૧૧ની હોવાનું જાણવા મળી રહ્યું છે. નેતાઓ અને પોલીસ અધિકારીઓની આ ચર્ચા એસઆઈટી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રિપોર્ટ સોંપવાથી એક દિવસ પહેલા થઈ હતી. આ સીડીમાં

મોદીના ખાનગી સચિવ જીસી મુરમુ, એકે શર્મા, કેટલાક મંત્રીઓ અને પોલીસ અધિકારીઓની મુલાકાતનો ઉલ્લેખ છે. સીડીમાં ૭૦ મિનિટના ઓડિયો છે. ટૂંકમાં જ સીબીઆઈ પુછપરછ માટે એવા તમામ લોકોને બોલાવી શકે છે જેનો ઉલ્લેખ સીડીમાં કરવામાં આવ્યો છે. આ મામલામાં સીબીઆઈ સપ્ટેમ્બર ૨૦૧૩માં મુરમુ અને શર્માથી પુછપરછ કરી ચુકી છે. આ અગાઉ ઈશરત જહાંની સાથે બનાવટી એન્કાઉન્ટરમાં ઠાર મારવામાં આવેલા પ્રણેશ પિલ્લાઈ ઉર્ફે જાવેદ શેખના પિતાએ પ્રદેશના પૂર્વ ગૃહપ્રધાન અમિત શાહ અને પૂર્વ પોલીસ મહાનિદેશક કેઆર કૌશિકને આરોપી બનાવવાની વાત કરી હતી. તેની અરજીના આધાર ઉપર ખાસ અદાલતે અમિત શાહ અને કૌશિકની સાથે સીબીઆઈને નોટિસ ફટકારી હતી અને જવાબની માંગ કરી હતી. ગોપીનાથે બંનેની સામે કાવતરા ઘડવા, ગેરકાયદે રીતે અટકાયતમાં રાખવા અને હત્યા કરવા સાથે સંબંધિત કેસ ચલાવવાની માંગ કરી હતી.

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં નવો વળાંક આવ્યો છે. તપાસ એજન્સી સીબીઆઈએ આ કેસમાં એક નવી એફઆઈઆર દાખલ કરી છે. આ એફઆઈઆર સમગ્ર કેસની

તપાસને રફેદફે કરવા માટે રચવામાં આવેલા કાવતરા સંદર્ભે કરવામાં આવી છે. આ પ્રકરણમાં નરેન્દ્ર મોદીના અંગત સચિવથી માંડી મંત્રીઓ પર તવાઈ આવે તેવી પૂરેપુરી શક્યતા છે.

સમગ્ર ઘટનાક્રમની વિગત એવી છે કે વર્ષ ૨૦૦૪માં ગુજરાત પોલીસે ઈશરત જહાં સહિત ચાર શખ્સોને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા આવ્યા હોવાનું આધાર લઈ નકલી એન્કાઉન્ટરમાં પતાવી નાંખ્યા હતા ત્યારબાદ સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન હેઠળ રચાયેલ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેસન ટીમને ઈશરત એન્કાઉન્ટર કેસની તપાસ સોંપવામાં આવી હતી. સીટ પોતાનો આખરી તપાસ રિપોર્ટ કોર્ટમાં રજુ કરે એ પહેલા સીટની તપાસને ખોરંભે પાડવા એક મહત્વની મિટીંગ યોજાઈ હતી આ મિટીંગમાં આઈપીએસ જીએલ સિંઘલ, તત્કાલીન એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી, મંત્રી પ્રફુલ પટેલ, પ્રદિપસિંહ જાડેજા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા નરેન્દ્ર મોદીના અંગત સચિવ જીસી મુર્મુ હાજર રહ્યા હતા. તેવી ૭૦ મિનિટની ટેપ રેકોર્ડીંગની સીટી આઈપીએસ જીએલ સિંઘલે સીબીઆઈને સોંપી હતી.

નરેન્દ્ર મોદી સામે કેજરીવાલ ડિપોઝીટ ગુમાવશે : રામદેવ

નવી દિલ્હી,તા.૧૮

યોગ ગુરુ બાબા રામદેવે વારાણસીમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરેલા ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું સમર્થન કરીને કહ્યું છે કે જો આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અહીંથી મેદાનમાં ઉતરશે તો તેમની ડિપોઝીટ પણ જમ થઈ જશે.

અગ્રણી અંગ્રેજી અખબારના જણાવ્યા મુજબ રામદેવે કહ્યું છે કે જો ડિપોઝીટ જમ થઈ જશે તો રાજકારણ છોડી દેશે તેવી જાહેરાત કેજરીવાલે કરીને તેમની વિશ્વસનીયતા સાબિત કરવી જોઈએ. કેજરીવાલ દિમાંગનું સંતુલન ગુમાવી ચૂક્યા છે. મોદીની સામે કોંગ્રેસના એજન્ડા ઉપર તે કામ કરી રહ્યા છે. તેઓ રાહુલ અને સોનિયા ગાંધીના ભ્રષ્ટાચાર ઉપર મૌન દેખાઈ રહ્યા છે. ભાજપ તરફથી વારાણસીના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ મોદીએ કહ્યું હતું કે આ પવિત્ર નગરીમાંથી ચૂંટણી લડવાને લઈને તેઓ ખૂબ જ ખુશ છે. મોદીએ ટ્વિટર ઉપર કહ્યું છે કે વારાણસીમાંથી ચૂંટણી લડવાની તેમને તક આપવામાં આવી છે. આના માટે તેઓ આભારી છે. વારાણસીથી ચૂંટણી લડવાની બાબત સન્માનની બાબત છે. પવિત્ર ગંગા અને કાશી વિશ્વનાથના આશીર્વાદ લઈને મોદીએ આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપ માટે ૨૭૨ પ્લસ બેઠકો હાંસલ કરવા માટે અપીલ કરી હતી. મોદીએ એમ પણ કહ્યું છે કે અમે ૨૭૨ના મિશન ઉપર સફળ રહીશું. ભારતને મજબૂત અને યોગ્ય દિશા આપવા માટે કટિબદ્ધ છીએ. મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જોરદાર ખુશીનું મોજું દેખાઈ રહ્યું છે. નરેન્દ્ર મોદીની દાવેદારીથી નવી આશા જાગી છે.

ભારત-ચીનની વચ્ચે આર્થિક મુદ્દે ત્રીજા દોરની ચર્ચા કરાઈ

નવી દિલ્હી,તા.૧૮

ભારત અને ચીને આજે વ્યૂહાત્મક આર્થિક મુદ્દાઓ મુદ્દે ત્રીજા રાઉન્ડની વાતચીત યોજી હતી. આ વાતચીત ખૂબ જ સાનુકૂળ વાતાવરણમાં યોજાઈ હતી. બંને દેશોએ આર્થિક મુદ્દાઓને લઈને પોતપોતાની રજૂઆતો કરી હતી. રેલવે અને ઈન્ફર્મેશન ટેકનોલોજી સહિતના શ્રેણીબદ્ધ ક્ષેત્રોમાં સહકાર કરવાના મુદ્દા ઉપર બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ભારત તરફથી આ બેઠકનું નેતૃત્વ આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ કર્યું હતું. જ્યારે ચીની પ્રતિનિધી મંડળનું નેતૃત્વ નેશનલ રિફોર્મ ડેવલોપમેન્ટ કમીશનના ચેરમેન સાઉસી દ્વારા કરવામાં આવ્યું હતું. મંત્રણા પહેલા જુદા જુદા ક્ષેત્રોના પાંચ કારોબારી જૂથો દ્વારા બંને દેશો વચ્ચે યોજાનારી ઉચ્ચસ્તરીય આર્થિક અને વેપાર મંત્રણા માટે વિગતો તૈયાર કરવામાં આવી હતી. એસઈડીમાં હાજરી આપવા ઉપરાંત આહલુવાલિયા આવતીકાલે બુધવારે ચીનના વડાપ્રધાન કેકીયાંગ સાથે પણ વાતચીત કરશે. આ કારોબારી જૂથ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોને આવરી લેશે. ચીની વીજળીના સાધનો, પર્યાવરણ, સંશાધનો, પાણીના જટન, આયોજન, શહેરીકરણ, આઈટી સેક્ટર સહિત હાઈ ટેકનોલોજીમાં સહકાર સહિતના મુદ્દા ઉપર વાતચીત કરવામાં આવી હતી. બંને પક્ષોએ રેલવે સ્ટેશનના ફેરવિકાસના મુદ્દા ઉપર પણ વાતચીત કરી હતી. વર્તમાન વૈશ્વિક આર્થિક પરિસ્થિતિમાં આંતરિક બાબતો ઉપર પણ ભાર મૂકવાની જરૂર છે તેવી રજૂઆત બંને પક્ષો તરફથી કરવામાં આવી હતી. તાજેતરના સમયમાં સરહદી મુદ્દા ઉપર ભારત અને ચીન આમને સામને રહ્યા છે ત્યારે આ પ્રકારના માહોલમાં ભારત અને ચીન વચ્ચે ત્રીજા રાઉન્ડની આર્થિક મંત્રણા ખૂબ જ મહત્વપૂર્ણ રહી હતી. જો કે સાનુકૂળ માહોલમાં બંને દેશોના પ્રતિનિધીઓએ ચર્ચા વિચારણા કરી હતી.

લોકસભામાં સૌથી મોટી પાર્ટી ઊભરવાની યોજના

ભાજપ ૨૦૦૯માં ગુમાવેલી ૩૧૭ બેઠકો જીતવા ઈચ્છુક

નવી દિલ્હી,તા.૧૮

૫૪૫ સભ્યોની લોકસભામાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવવા માટે ભાજપને ૨૦૦૯માં જીતેલી તમામ ૧૧૬ બેઠકો જાળવવી પડશે નહીં બલ્કે તેના દ્વારા ગુમાવી દેવામાં આવેલી ૩૧૭ બેઠકોમાં મહત્વપૂર્ણ ગાબડા પાડવા પડશે. આ બેઠકોમાં સારો દેખાવ કરવો પડશે. જ્યાં ઓછા મતે ભાજપની હાર થઈ હતી તેવી બેઠકો પર સંપૂર્ણ તાકાત લગાવી દઈને આ બેઠકો જીતવી પડશે. હારેલી બેઠકોમાં ગાબડા પાડીને આ બેઠકો કબજે કરીને તે લાભ ઉઠાવી શકે છે. મોટાભાગની બેઠકો ઉપર બહુકોણીએ સ્પર્ધા જોવા મળી રહી છે. ભાજપે ૨૦૦૯માં ગુમાવેલી બેઠકો પૈકી આશરે ૬૦ ટકા બેઠકો ૨૦ ટકાથી વધુ અંતરથી ગુમાવી હતી. જ્યારે કેટલીક એવી બેઠકો હતી જે ખૂબ ઓછા અંતરથી ગુમાવી હતી. ચાર રાજ્યોમાં ભાજપે સાત-સાત બેઠકો પાંચ ટકાથી ઓછા અંતરે ગુમાવી હતી. એકંદરે કુલ ૪૮ બેઠકો ભાજપે પાંચ ટકાથી પણ ઓછા અંતરે ગુમાવી હતી. મહારાષ્ટ્રમાં આ સાત બેઠકોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પણ આવી સાત બેઠકો હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સૈના ચૂંટણી મેદાનમાં ન ઉતરે તેવી રણનીતિ આ જ કારણસર ભાજપ દ્વારા તૈયાર કરવામાં આવી હતી પરંતુ રાજઠાકરેએ આ યોજનાને ફગાવી દીધી છે. ૧૮૯ આ પ્રકારની બેઠકો પૈકીની ૧૩૦ બેઠકો ભાજપે ખૂબ ઓછા અને નજીવા અંતરથી ગુમાવી હતી. ઉત્તર પ્રદેશમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. આ વખતે ભાજપે ઉત્તર પ્રદેશમાં વધારે ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ૨૦૦૯ની ચૂંટણીમાં ભાજપ માટે સ્થિતિ નિરાશાજનક રહી હતી. ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારમાં આક્રમકતા દર્શાવીને ભાજપની સ્થિતિને સુધારવાના તમામ પ્રયાસો કર્યા છે અને આમા સફળતા પણ હાથ લાગી રહી છે. એકબાજુ ઉત્તર ભારતમાં ભાજપની સ્થિતિ અતિ મજબૂત બનેલી છે. ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન જેવા રાજ્યોમાં ભાજપ આ વખતે લોકસભાની ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવી શકે છે. ગુજરાતમાં પણ ભાજપની સ્થિતિ અતિ મજબૂત દેખાઈ રહી છે.

તામિળનાડુમાં ટેન્કમાં ઝેરી ગેસથી સાતના કરૂણ મોત

ચેન્નાઈ,તા.૧૮

તમિળનાડુના પેરુનદુરાઈ શહેરમાં ખાનગી ફેક્ટરીમાં સેપ્ટીક ટેન્કને સ્વચ્છ કરતી વેળા ઝેરી ગેસ લીક થઈ જવાના પરિણામ સ્વરુપે સાત વર્કરોના મોત થઈ ગયા છે અને અન્ય સાત લોકોને ગંભીર અસર થઈ હતી. આ તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈરોડ જિલ્લાના પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, આ બનાવ કેપીઆર મિલ્સના ડાઈંગ યુનિટમાં બન્યો હતો. મોટર યોગ્ય રીતે કામ નહીં કરવાના કારણે ટેન્કમાં એક વ્યક્તિને ઉતારવામાં આવી હતી. તેને તરત જ માઠી અસર થઈ હતી. તેને બચાવવા માટે અન્ય લોકો પણ અંદર ઉતર્યા હતા. ટેન્કમાં ઝેરી ગેસ હોવાનું જાણવા મળ્યું છે જેથી તમામ લોકોના મોત થઈ ગયા હતા. ચેન્નાઈથી આશરે ૪૦૦ કિલોમીટરના અંતરે સ્થિત આ જિલ્લામાં બનેલા બનાવથી સનસનાટી મચી ગઈ હતી. પોલીસે કહ્યું છે કે, આ યુનિટ સ્ટેટ ઈન્ડસ્ટ્રી પ્રમોશન કોર્પોરેશનની અંદર સ્થિત છે. આ બનાવથી સરકાર પણ હચમચી ઉઠી હતી. સમગ્ર મામલામાં ઉંડી તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. પોલીસે પણ પોતાની રીતે તપાસ હાથ ધરી છે.

એએપીની ૨૬ ઉમેદવારની સાતમી યાદી જારી થઈ

નવી દિલ્હી,તા.૧૮

આમ આદમી પાર્ટીએ આજે લોકસભાની આગામી ચૂંટણી માટે ૨૬ ઉમેદવારોની તેની સાતમી યાદી જારી કરી હતી. આમ આદમી પાર્ટી માટે આજનો દિવસ એક પછી એક ફટકાનો રહ્યો હતો. મહત્વપૂર્ણ બેઠક પરથી ચૂંટણી મેદાનમાં રહેલા બે ઉમેદવારોની ટિકિટ કાપી દેવામાં આવી હતી જ્યારે એક નેતાએ પાર્ટી સાથે છેડો ફાડી લીધો હતો. નોર્થ-ઈસ્ટ દિલ્હીમાંથી મહેન્દ્રસિંહની ટિકિટ કાપી દેવામાં આવી છે. કારણ કે, ત્રણ મહિના જેલમાં રહેવાની વાત તેઓએ છુપાવી હતી. બીજી બાજુ ખાલીદ પરવેઝની ટિકિટ પણ કાપી દેવામાં આવી છે. પરવેઝ ઉપર બેંક લોન નહીં ચુકવવાનો આક્ષેપ છે. બીજી બાજુ જાણિતા ગાયિકા જસપીન્દરે એએપી સાથે છેડો ફાડી લીધો છે. તાજેતરમાં પાર્ટીના ઘણા નેતા એએપી સાથે છેડો ફાડી ચુક્યા છે. આ યાદીમાં તમિળનાડુમાં કન્યાકુમારીથી કાર્યકર એસપી ઉદયકુમારને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે જ્યારે વકીલ હિંમતસિંહ પંજાબમાં આનંદપુર સાહેબ બેઠક પરથી મેદાનમાં ઉતરશે. આજે આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની સાતમી યાદી જારી કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટી દ્વારા એક પછી એક ઉમેદવારો જાહેર કરવામાં આવી રહ્યા છે.તમામ રાજકીય પક્ષો કરતા આમ આદમી પાર્ટીએ દેશમાં તેને નેટવર્કને ફેલાવવા વધુ ઝડપથી ઉમેદવારો જાહેર કર્યા છે. પક્ષે બિહારમાંથી છ, તમિળનાડુમાંથી આઠ, ઉત્તરપ્રદેશમાંથી ચાર, મહારાષ્ટ્રમાં એક, ત્રિપુરામાં એક, સિક્કિમમાં એક, રાજસ્થાનમાં એક, પંજાબમાં એક, પુડુચેરીમાં એક, મિઝોરમમાં એક અને મણિપુરમાં એક ઉમેદવારના નામની જાહેરાત કરી હતી. આ સાતમી યાદી જારી કરવાની સાથે જ એએપીએ ૫૪૩ લોકસભાની બેઠક માટે હજુ સુધી ૨૬૮ ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. એએપી દ્વારા ઉમેદવારોની યાદી જારી કરવામાં આવ્યા બાદ તર્ક વિતર્કોનો દોર શરૂ થયો છે. રાજકીય નિષ્ણાતોમાં બેઠકો ઉપર ઉમેદવારોની જીતની સ્થિતિ ઉપર પણ મૂલ્યાંકન કરવાની ગતિવિધિ ચાલી રહી છે. દિલ્હીમાં થોડાક સમય પહેલા જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ આમ આદમી પાર્ટીની સ્થિતિ કેવી રહેશે તેને લઈને પણ રાજકીય પક્ષોમાં અને રાજકીય નિષ્ણાતોમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે.

ધોનીએ હવે ઝી ઉપર ૧૦૦ કરોડ રૂપિયાનો દાવો માંડ્યો

ચેન્નાઈ,તા.૧૮

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ મદ્રાસ હાઈકોર્ટમાં અપીલ કરીને ખાનગી ટેલિવિઝન નેટવર્ક ઝી પાસેથી વળતર તરીકે ૧૦૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે. આજે ધોનીએ કોર્ટ પાસેથી વચગાળાના આદેશમાં પણ જીત મેળવી હતી જેમાં તેની સામે ચોક્કસ મેચ ફિક્સિંગના આક્ષેપો સાથે સંબંધિત ઈન્ટરવ્યૂ અને સમાચાર પ્રસારિત કરવાથી ઝી ગ્રુપને રોકવાનો આદેશ કરવામાં આવ્યો છે. આવી કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ હોવાનો ઈન્કાર કરીને ધોનીએ કહ્યું છે કે, ભારે મહેનતથી ઉભી કરવામાં આવેલી તેની પ્રતિષ્ઠા હવે દાવ પર લાગેલી છે. બિનપ્રમાણિત અહેવાલો પ્રકાશિત કરીને તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. દરમિયાન આજે ૧૦૦ કરોડનો દાવો માંડીને મદ્રાસ હાઈકોર્ટની સિંગલ જજની બેંચે ધોની ઉપર કોઈપણ ઈન્ટરવ્યૂ અથવા ચર્ચા પ્રસારિત કરવાથી ઝી ગ્રુપની ચેનલોને રોકવાનો આદેશ કરવામાં આવ્યો છે. ધોનીને આના કારણે મોટી રાહત થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ધોની પણ છેલ્લા ઘણા સમયથી વિવાદના ઘેરામાં હતો. મદ્રાસ હાઈકોર્ટમાં ધોનીએ અપીલ કરીને ધારદાર દલીલો કરી હતી. ખાનગી ટેલિવિઝન નેટવર્ક પાસેથી નુકસાન તરીકે ૧૦૦ કરોડની માંગણી કરતા આ ટેલિવિઝન ચેનલમાં ખળભળાટ મચી ગયો હતો. ધોની સામે થોડાક દિવસ પહેલા ગંભીરપ્રકારના આક્ષેપો પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ધોની સામે આક્ષેપ કરવામાં આવ્યા હતા. મિડિયા જગતમાં પણ ભારે ચર્ચા રહી હતી.

વારાણસીમાં મુસ્લિમ મતદારો અઢી લાખ છે

વારાણસી બેઠક પર મોદીના નામની જાહેરાત કરવામાં આવ્યા બાદથી તર્કવિતર્કોનો દોર ચાલી રહ્યો છે. નવા સમીકરણોના સંકેત દેખાઈ રહ્યા છે. વારાણસીમાં મુસ્લિમ મતદારોની સંખ્યા આશરે અઢી લાખ જેટલી છે. મોદીના વિરોધીઓની નજર હવે આ મત બેંક ઉપર છે. અરવિંદ કેજરીવાલ મોદી સામે મેદાનમાં ઉતરવાની તૈયારીમાં છે. મુરલી મનોહર જોશીના સમર્થન મોદીને ટિકિટ મળતાં નાખુશ દેખાઈ રહ્યા છે. આઝાદીના છ દશક બાદ પણ ખૂબ જ ખરાબ હાલત વારાણસીની રહેલી છે આવી સ્થિતિમાં હવે મોદી સામે વધુ અપેક્ષા રાખી રહ્યા છે. વારાણસીમાં કેટલાક મુદ્દા રહેલા છે જેમાં વિકાસ, વિજળીમાં કાપ, ગંગા નદીની સફાઈનો સમાવેશ થાય છે. મોદીની સામે પૂર્વાંચલના શક્તિશાળી મુક્તાર અંસારી પણ મેદાનમાં છે. ભાજપને કેટલાક લોકોને બાદ કરતા સવર્ણ મતદારોનો પણ ટેકો છે.

નવાં કલેવર (પાના નં.૪ નું ચાલું...)

રહી રહીને તેમના કાનમાં ગુંજતા હતા. અને તેના તાણાવાણા મેળવવા ને ભૂતકાળને ફંફોસતા હતા. તેમના પોતાના શબ્દો જે તેમણે પિતાને કહેલા. જાણે કે ઇતિહાસ ફરી દોરાઇ રહ્યો છે.

હા, માંની સારવાર કરેલી. કદાચ તેના જ બદલા રૂપે આજે નાનો ભાઇ તેમને સાચવી રહ્યો છે. એ વાત તો સાચી જ છે કે અહીંના કર્મો અહીં જ ભોગવવાં પડે છે. ખાતામાં જે જમા હોય છે તે વ્યાજ સહિત મળે છે.

સંપૂર્ણ ચેતના જાણે કે સમેટાઇને મગજમાં આવી ગઇ હતી. શરીર ચેતના શૂન્ય થતું હતું. અંત સમયનો આભાસ આવવા લાગ્યો હતો. એવું લાગતું હતું કે જાણે આકાશમાં વાદળો ઘેરાઇ આવ્યાં છે. તેની વચ્ચે વીજળીનો ચમકારો થતાં તેમાં પિતાનો ચહેરો દેખાય છે. તે મનમાં ને મનમાં બોલ્યા... 'બાપુજી... બાપુજી... મને માફ કરી દો.'

મા-બાપનું હૃદય તો એવું હોય છે કે તેમાં ગમે તેવી ભૂલોની માફી આસાનીથી મળી જાય છે. કેમ કે તેઓ બાળપણથી જ તેની નાદાનીયત ને હંસી કાઢતાં હોય છે. તેમને લાગ્યું કે જાણે પિતાના ચહેરા પર ક્ષમાભાવ છે અને તેમના હોઠ પર દર્દભર્યું સ્મિત છે. તેમની આંખોમાં આંસુના બે ટીપાં બાઝી ગયા. પશ્ચાતાપનાં આ આંસુ પિતા માટેનું તેમનું અંતિમ તર્પણ હતું. આ તર્પણની સાથે જ તેમનું માથું ઢળી પડ્યું. જાણે કે માથેથી બધો જ બોજો હળવો થઇ ગયો.

(સમાપ્ત)

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલું...)

'જો ને પાછું, પાર્ટીમાં ફંડ ઓછું પડ્યું તે ડિનર પાર્ટી કરી અને સાંભળ્યું છે કે ૨૫ લાખનો ચાંલ્લો કરનારને જ એમની પંગતમાં બેસાડશે.'

'અરે ભાઈ ગ્રીન-ટીની વ્યવસ્થા છે? આ મોદીની ચાયની ચર્ચા પછી તો રાહુલે દૂધ પાર્ટી ચાલું કરી છે. આમેય એ દૂધ પિતો બચ્ચો જ છે ને? રાજકારણમાં? અને કેજરીવાલ તો ભાંગ પીને મંડ્યો છે અને રોજ નવા નવાં ભાંગરા વાટે છે.'

'ચાલો બહુ થયું. બધા એક સાથે 'ચાય પે ચર્ચા'ની ચટપટી ચર્ચાને નામે એક જોરદાર ચિયર્સ કરી લઈએ અને ચૂંટણી સુધી આમ જ મળતાં રહી ચર્ચા કરીએ પછી પાંચ વર્ષ તો પત્નીના હાથની ચાયને ચર્ચા છે જ!!'

ચૂંટલો :

દશેરા એ ફાફડાં-જલેબી, હોળીએ ધાણી-ખજૂર, આઠમે જુગાર, નાગપાંચમે ખાજાં, કાળી ચૌદશે, કકળાટ બધું શું કામ થાય છે? એની ખબર ના હોવા છતાં બધાં એમ જ કરતાં હોય છે. એમ હોળી-ધુળેટીએ હાસ્ય કે વ્યંગ લેખ કેમ લખાય? એ ખબર ના હોવા છતાં બધાં લખે એટલે મેં ય લખી નાંખ્યો, હેપ્પી હોલી...

ઉઘડતે પડદે (પાના નં. ૨ નું ચાલુ)

ગુજરાતી ગીતોનાં વિણેલાં મોતી જેવાં, 'નૈનને નૈન મળે જ્યાં છાનાં, તમને પારકાં માનું કે માનું પોતાનાં..', 'એકલાં જ આવ્યાં મનવા એકલાં જવાનાં, સાથી વિના સંગી વિના એકલાં જવાનાં..' મહેશ નરેશનાં સંગીતથી મઢેલું રાગ મેઘ મલ્હાર પર આધારીત તાના-રીરી ફિલ્મનું ગરજ ગરજ બરસો જલધર, દિપકથી દાઝેલા તનને શીતળ જળથી સ્પર્શો. શાસ્ત્રીય ગીતની અદ્‌ભુત રજૂઆત આનલ વસાવડાએ કરી દાદ મેળવી લીધી.. મા-બાપ ફિલ્મનું જગતભાઈ કારાણીની ફરમાઈશ પર રજૂ થયેલું. અમૃત ભરેલું અંતર જેવું સાગર જેવડું સત, પૂનમચંદ પાનિયા આગળ એને ગગો મુંબઈ ગામે, ગીગોભાઈ નથી કામે, કરૂણરસથી રૂંવાડા કરતી રચના સ્પર્શી ગઈ.

ગુજરાતી ગીતોનો ગુલદસ્તો રજૂ કરવા આવેલાં ગાયલો આનલ વસાવડા દિવ્યાગ અંજારીયા, ભૂમિકા શાહ અને નયના શર્મા બધ્ધે બધ્ધાં ખમતીધર અને મીઠડાં ગાયકો, કયાંય કોઈ રંગ ફિક્કો નહીં, 'સજન મારી પ્રિતડી, સદીયો પુરાણી, ભૂલીના ભૂલાય છે પ્રણય કહાની..', 'તારી આંખનો અફિણી, તારા બોલનો બંધાણી, તારી રૂપની પૂનમનો પાગલ એકલો..', 'છેલાજી રે મારે હાટું પાટણથી પટોળા મોંઘા લાવજો..', 'નજરનાં જામ છલકાવીને ચાલ્યાં કયાં તમે, જીગરને આમ તરસાવીને ચાલ્યાં ક્યાં તમે..', 'સાસરીયે જાતાં જો જો પાંપણ ન ભીંજાય દિકરી તો પારકી થાપણ કહેવાય..', 'ચાલતો રહે જે..', 'કોણ હલાવે લિંબડી ને કોણ ઝુલાવે પીંપળી..' એક એકથી ચઢિયાતી ગીતો અને છેલ્લે હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.. સાથે રંગીલુ સમાપન..

કેસુડાં અને ગુલાલ, રંગીન પિચકારી, ગુજરાતીનાં ગુણગાન, સ્ત્રીની ખટ્ટમીઠ્ઠી વાત સમજોને હોળી-ધુળેટીની ધમાલ જેવો કાર્યક્રમ બની રહ્યો. કાર્યક્રમનાં સુત્રધાર અંકિત ત્રિવેદી હુકમનાં એક્કા જેવાં અને 'આર્ટ લવર્સ'ની હોળી એટલે શ્રોતાઓ માટે અવિસ્મરણીય પૂનમની રાત અને મસ્તીનો ગુલાલ-હેપ્પી હોલી..!!

ગુલમહોર (પાના નં.૪ નું ચાલુ...)

જરૂર પડતી નથી. જાણે પ્રેમની સ્થિતિમાં શબ્દો ખુદ ઓગળી જાય છે.

આથી જ જ્યારે તમારે કોઈ સાથે વાદ-વિવાદ થાય ત્યારે તમારો અવાજ ઊંચો નહીં, સામાન્ય રાખવો જોઈએ. વિચારભેદ ભલે હોઈ શકે. પરંતુ તમારા અને સામેવાળી વ્યક્તિના હૃદય વચ્ચે અંતર પડવા દેશો નહીં. સંબંધમાં પડેલું અંતર આગળ જતા ખાઈ ન બની જાય એની ચિંતા અને કાળજી લેવી જોઈએ. દરેક વ્યક્તિએ સૂમેળનો સેતુ જાળવી રાખવો જોઈએ. પ્રેમ આપણને આ બધું જ શીખવે છે.

સ્ટોપર :

"પ્રેમ આનંદ આપે, પીડા નહીં. પીડા આપે તે પ્રેમ ન હોઈ શકે, વહેમ હોઈ શકે."

સમાચાર ઝલક

- તામિલનાડુમાં કરોડો રૂપિયાની સાડીઓ ચૂંટણીપંચે પકડી.
- મલેશિયાના વિમાન પ્રકરણમાં તાલીબાનો ઉપર શંકા.
- યુક્રેનનાં ક્રિમીયા વિસ્તારના ૯૭ ટકા લોકો રશિયા સાથે જોડાવાનાં પક્ષમાં.
- પાલનપુરમાં બસોની અનિયમિતતા બાબતે એસ.ટી.કંટ્રોલરૂમ પર મુસાફરોએ તોડફોડ કરી.
- છેલ્લા ૪ વર્ષમાં નકસલીઓએ ૧૫૫૪ લોકોનાં અપહરણ કર્યા.
- શેરબજાર અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટીએ.
- વિજાપુરમાં વેપારીનું અપહરણ થયું, પોલીસ તપાસ ચાલું.
- અંબાજીમાં ધો.૧૦-૧૨ના પરીક્ષાર્થીઓ માટે ભોજનની મફત વ્યવસ્થા અંબાજી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી.
- વિસનગરમાં એકબીજા પર જૂતાં મારીને ધુળેટીનો ઉત્સવ મનાવાય છે, આ પરંપરા ૧૫૦થી પણ વધુ પુરાણી છે.
- ઇરાકમાં બંધક દક્ષિણ ગુજરાતનાં ૩૧ યુવાનો મુક્ત થઇ ગુજરાત પરત ફર્યા.
- મુંબઇમાં ધૂળેટીનાં શુટીંગ કરવાં ગયેલી મહિલા પત્રકારની છેડતી, પોલીસે ૪ આરોપીની ધરપકડ કરી.
- ભારત-ચીન વચ્ચે વેપાર ઉદ્યોગ માટે કરાર કરવામાં આવ્યો.
- કચ્છના સરકીક વિસ્તારમાં ઘુસી આવેલી પાકિસ્તાની બોટ.
- અમેરિકામાં ફરી બરફવર્ષા ચાલુ થઇ.
- એડવાન્સ ટેક્સ ભરવાની આજે છેલ્લી તારીખ હતી.
- દિલ્હીમાં ગાંધીજીનાં પપૌત્ર 'આપ' પાર્ટીનાં ઉમેદવાર રાજમોહન ગાંધીનાં પ્રચારમાં વધુ ગાડીઓનો કાફલો હોવાથી ચૂંટણીપંચે તેની યાત્રા રોકી.
- વડોદરામાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં આગનાં બનાવો.
- અફઘાનિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં ૧૫ વ્યક્તિઓનાં મોત.
- નોઇડામાં આઇ.ટી.કંપનીનાં મેનેજરની છેડતી મામલે ધરપકડ કરાઇ.
- કચ્છમાં મેડીકલના વિદ્યાર્થીએ આપઘાત કર્યો.